Letter No: WCDD/0254/06/2023 Dt: 22-06-2023

પૂર્ણા યોજના અતગેત સુરત ઝોન કક્ષાએ ૦૧ જગ્યા તથા સુરત અને જુનાગઢ કોર્પોરેશનની પૂર્ણા કન્સલ્ટન્ટની ૦૨ જગ્યા એમ કુલ-૦૩ જગ્યાની સેવાઓ આઉટસોર્સથી મેળવવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃWCDD/DRA/e-file/23/2022/0054/B-1

સચિવાલય ગાંધીનગર

**વંચાણે લીધાઃ-**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૪/બ, તા.૧૯/૦૮/૨૦૧૯.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૨૨/૪૬/બ-૧, તા.૨૪/૦૪/૨૦૨૨.
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૪/બ-૧, તા.૦૭/૦૫/૨૦૨૨.

**આમુખ**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી પૂર્ણા યોજનાની કામગીરી માટે રાજ્ય, ઝોન અને જિલ્લા કક્ષાએ પૂર્ણા કન્સલ્ટન્ટની સેવાઓ ૧૧-માસ માટે આઉટસોર્સથી મેળવવાની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબત મંજૂર થયેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી આઇસીડીએસ યોજના અન્વયે પૂર્ણા યોજનાની કામગીરી માટે નવી સેવા વર્ષ ૨૦૨૨-૨૩ તરીકે જુનાગઢ મહાનગરપાલિકા ખાતે પૂર્ણા કન્સલ્ટન્ટની આઉટસોર્સની ૦૧ (એક) જગ્યા ઉભી કરવાની મંજુરી આપવામાં આવેલ હતી અને વંચાણે લીધા ક્રમાંક (૩) પરના ઠરાવથી પૂર્ણા યોજનાની કામગીરી માટે પ્રાદેશિક કચેરી, સુરત અને સુરત મહાનગર પાલિકા ખાતેની કુલ-૦૨ પૂર્ણા કન્સલ્ટન્ટની ખાલી જગ્યાઓ મંજુરી મળ્યાની તારીખથી એક માસમાં આઉટસોર્સથી ભરવાની શરતે માન્ય એજન્સી મારફતે વધુ ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવાની મંજુરી આપવામાં આવેલ હતી. પૂર્ણા યોજનાની કામગીરી માટે પ્રાદેશિક કચેરી, સુરતની રીજનલ પૂર્ણા કન્સલ્ટન્ટની ૦૧ જગ્યા અને જુનાગઢ કોર્પોરેશન અને સુરત કોર્પોરેશનમાં કોર્પોરેશન પૂર્ણા કન્સલ્ટન્ટની કુલ-૦૨ જગ્યાની આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧ માસ માટે લંબાવવાની બાબત વિચારણા હેઠળ હતી.

**//ઠરાવ//**

પૂર્ણા યોજનાની કામગીરી માટે પ્રાદેશિક કચેરી,સુરતની રીજનલ પૂર્ણા કન્સલ્ટન્ટની ૦૧ જગ્યા તથા જુનાગઢ કોર્પોરેશન અને સુરત કોર્પોરેશનમાં કોર્પોરેશન પૂર્ણા કન્સલ્ટન્ટની કુલ-૦૨ જગ્યાની આઉટસોર્સની સેવાઓ એમ કુલ-૦૩ પૂર્ણા કન્સલ્ટન્ટની જગ્યાની સેવાઓ એક સાથે જ તા.૦૧/૦૪/૨૦૨૩ થી વધુ ૧૧ માસ માટે માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક વેતન રૂ. |
|---|---|---|---|
| ૧ | રિજનલ પૂર્ણા કન્સલ્ટન્ટ (સુરત) | ૦૧ | ૩૫,૦૦૦/- |
| ૨ | કોર્પોરેશન પૂર્ણા કન્સલ્ટન્ટ (જુનાગઢ કોર્પોરેશન અને સુરત કોર્પોરેશન) | ૦૨ | ૨૦,૦૦૦/- |
| કુલ | | ૦૩ | |

૨/- ૧૧-માસ બાદ આ જગ્યાઓની સેવાઓ ચાલુ રાખવાની જરૂર જણાય તો આ વિભાગ મારફત નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૧/૦૬/૨૦૨૩ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૃણાલ હિંગુ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન,જુનાગઢ/સુરત
4. નાયબ નિયામકશ્રીની વિભાગીય કચેરી, સુરત/રાજકોટ.
5. પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.........................
6. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
7. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
8. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
9. શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Krunal Hingu
Section Officer
Date: 2023.06.22
18:10:59 +05:30

File No: WCDD/DRA/e-file/23/2022/0054/B1 Branch
Approved By: K K Nirala(Secretary,WCDD)

Open the document in Adobe Acrobat DC to verify the E-sign